# Release of Commemorative Postage Stamp for 70th Anniversary of Diplomatic Relations between India and Germany

June 10, 2021

---

# ભારત અને જર્મની વચ્ચે રાજદ્વારી સંબંધોની 70મી વર્ષગાંઠની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી

જૂન 10, 2021

7 માર્ચ 2021ના રોજ ભારત અને જર્મનીએ રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70મી વર્ષગાંઠ ઉજવી હતી. બંને દેશો 2021-2022 દરમિયાન ભારત અને જર્મનીમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને આ વર્ષગાંઠની ઉજવણી કરવાની યોજના ધરાવે છે. આ ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના ટપાલ વિભાગ (ડીઓપી) તથા જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સના પોસ્ટેજ સ્ટેમ્પ ડિવિઝન દ્વારા સ્મૃતિ તરીકે ટિકિટ બહાર પાડવામાં આવી છે. ભારતીય સ્ટેમ્પને કુ. ગુલિસ્તાન દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે જ્યારે જર્મન સ્ટેમ્પને મેથિયાસ વાઇટિંગે ડિઝાઈન કરી છે.

ભારતીય સ્ટેમ્પને વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રિંગલા, પોસ્ટ વિભાગના સેક્રેટરી શ્રી વિનિત પાંડે, અને ભારત ખાતે જર્મનીના રાજદૂત વોલ્ટર લિંડનર દ્વારા 10 જૂન, 2021ના રોજ બહાર પાડવામાં આવી હતી.

વિદેશ સચિવે પોતાની ટિપ્પણીમાં (ભારત-જર્મની સંબંધોની 70મી વર્ષગાંઠ નિમિત્તે સ્ટેમ્પ રિલિઝ કરતી વખતે વિદેશ સચિવની ટિપ્પણી) ભારત-જર્મનીના સંબંધોમાં મજબૂત રાજકીય અને આર્થિક જોડાણ તથા લોકો વચ્ચેના નિકટના જોડાણ પર ભાર મૂક્યો હતો. તેમણે આરોગ્ય, આર એન્ડ ડી, તથા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે બંને દેશો વચ્ચે લાંબા ગાળાના સહયોગની વાત કરી હતી જે કોવિડ-19 મહામારીના સમયમાં ખાસ મહત્ત્વ ધરાવે છે.

વિદેશ સચિવે મહામારી પછીના વિશ્વમાં જર્મની સાથે નિકટના સહયોગ પર ભાર મૂક્યો હતો જેથી બહુધ્રુવીય અને નિયમો આધારિત વ્યવસ્થા જળવાય. તેમણે રાજદ્વારી સંબંધોના 70 વર્ષની મહત્ત્વની સિદ્ધિ નિમિત્તે બંને દેશોના લોકોને શુભકામનાઓ પાઠવી હતી.

**ભારતીય સ્ટેમ્પ**




**જર્મન સ્ટેમ્પ**




**નવી દિલ્હી**
**જૂન 10, 2021**

**DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.**